# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-05-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટેના આજે પ્રચાર પડઘમ શાંત થયા- સોમવારે મતદાન થશે.
- રાજકોટના રૈયાધાર ખાતે 930 એકરમાં સ્માર્ટ સીટી તૈયાર કરવાની કામગીરી જૂન મહિનાના અંત સુધીમાં પૂર્ણ થશે.
- ધોરણ-10 અને 12ના વિવિધ પ્રવાહોની લેવાયેલી પરીક્ષામાં કુલ 765 ગેરરિતીના કિસ્સા નોંધાયા..
- આવકવેરા વિભાગે આજે વડોદરા અને અમદાવાદમાં બે બાંધકામ ક્ષેત્રના ગ્રુપના 27 સ્થળો પર દરોડા પાડ્યા..
- હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે રાજ્યમાં હીટવેવનું એલર્ટ આપ્યું છે- અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું..
- આજે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસની ઉજવણી કરાઇ રહી છે.

---------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# ELECTION 5TH PHASE

લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કા માટે આગામી 20 મેના રોજ મતદાન થશે. આ તબક્કા માટેની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થઈ ગયા છે. આ તબક્કામાં સાત રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 49 બેઠક માટે મતદાન થશે.

પાંચમા તબક્કામાં છ રાજ્યો ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, ઓડિશા, ઝારખંડ અને બે કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં મતદાન થવાનું છે. તેમાં ઉત્તર પ્રદેશની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની સાત, બિહાર અને ઓડિશાની પાંચ-પાંચ બેઠકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ તબક્કામાં ઝારખંડની ત્રણ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખની એક-એક બેઠક પર પણ મતદાન થવાનું છે. પાંચમા તબક્કાનું મતદાન પૂર્ણ થતાની સાથે જ, દેશની 543 લોકસભા બેઠકોમાંથી 428 બેઠકો પર મતદાન પૂર્ણ થઈ જશે.

# RAJKOT- SMART CITY

કેન્દ્ર સરકારનાં સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત દેશભરનાં 100 શહેરોમાં રાજકોટની પસંદગી કરવામાં આવી છે. રાજકોટની ભાગોળે રૈયાધાર ખાતે 930 એકરમાં સ્માર્ટ સિટી તૈયાર કરવાની કામગીરી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે.. જે અંતર્ગત મોટાભાગની કામગીરી પૂર્ણતાનાં આરે છે અને હાલ સ્માર્ટ સિટીનાં રેન્કિંગમાં રાજકોટ 56માંથી 29માં ક્રમ પર પહોંચ્યુ છે. આગામી જૂન મહિનાનાં અંત સુધીમાં તમામ કામગીરી પૂર્ણ થાય તેવી શક્યતા છે.

આ અંગે વધુ માહિતી આપે છે રાજકોટ મહાનગરપાલિકાના કમિશ્નર આનંદકુમાર પટેલ..

(બાઈટ : આનંદકુમાર પટેલ)

# CIVIL- ANAGDAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આજે 154મું અંગદાન થયું છે. કલોલના રહેવાસી 56 વર્ષીય અમરતભાઇ મકવાણાને સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તબીબોએ બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. ત્યારબાદ હોસ્પિટલના ડોક્ટરોની ટીમે અમરતભાઇના પરિવારજનોએ અંગદાનનું મહત્વ સમજાવતા તેમના પરિવારે અંગદાન કરવાનો નિર્ણય કર્યો હતો.

સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, અમરતભાઈના અંગદાનથી મળેલ કિડની તેમજ લીવરને જરુરીયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. જ્યારે સ્કીન બેંકને મળેલા સ્કીન દાનથી પણ દાઝેલા કે અન્ય જરુરીયાતમંદ દર્દીમાં સ્કીનનું પ્રત્યારોપણ કરવામાં આવશે.

# STD. 10/12TH EXAM- SUNAVNI

માર્ચ 2014માં લેવાયેલી ધોરણ-10 અને 12ની પરીક્ષાઓમાં ગેરરીતી કરતાં પકડાયેલા વિદ્યાર્થીઓની સુનાવણી પૂર્ણ થઇ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉપાધ્યક્ષ ડી.એસ. પટેલે જણાવ્યું છે કે, આ વર્ષે ધોરણ 10 અને 12ના વિવિધ પ્રવાહોની લેવાયેલી પરીક્ષાઓમાં કુલ 765 ગેરરીતી કરતા વિદ્યાર્થીઓ પકડાયા હતા, જેમાંથી 226 વિદ્યાર્થીઓને સીસીટીવી ચકાસણીના આધારે દોષમુક્ત કરવામાં આવ્યા છે. 525 વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષાને પાત્ર ઠેરવવામાં આવ્યા છે. નવ વિદ્યાર્થીઓના પરિણામ રદ કરવામાં આવ્યા છે અને 14 વિદ્યાર્થીઓને બે વર્ષ માટે પરીક્ષા નહીં આપવાની સજા કરવામાં આવી છે.

# INCOME TAX RAID

રાજ્યમાં મતદાન બાદ આવકવેરા વિભાગ ફરી એકવાર સક્રિય બન્યું છે. આવકવેરા વિભાગે આજે સવારે વડોદરા અને અમદાવાદમાં બે જુદા જુદા કન્સ્ટ્રક્શન ગ્રુપના 27 સ્થળો પર દરોડા પાડ્યા છે. વિભાગને આ જૂથોની બેનામી મિલ્કતો અને ગેરકાયદેસર વ્યવહારો વિશે માહિતી મળી હતી, જેના આધારે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

આવકવેરા વિભાગની ટીમે એક સાથે અમદાવાદ અને વડોદરામાં બે ગ્રુપની ઓફિસો ખુરાના ગ્રુપની ઓફિસો, ઘરો અને અન્ય સ્થળો પર દરોડા પાડ્યા હતા. કંપનીના સંચાલકો અને તેમના પરિવારના સભ્યો દ્વારા રાખવામાં આવેલી મહત્વપૂર્ણ માહિતી અને કાગળોના સંબંધમાં તપાસ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત વડોદરાના સુભાનપુરામાં આવેલી એક ગ્રુપની ઓફિસમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. આ ગ્રુપ કન્સ્ટ્રક્શન ઉપરાંત સોલર પેનલનું કામ કરે છે. અહીંથી પણ મોટા પાયા પર બેનામી વ્યવહારોની તપાસ કરવામાં આવી રહી છે.

# MACHHIMAR MANDI

આગામી પહેલી જૂનથી બે મહિના સુધી સૌરાષ્ટ્રના માછીમારોને દરિયો ન ખેડવાનું જાહેરનામું આજે બહાર પડ્યું છે ત્યારે માર્ચ મહિનાથી જ આ વખતની સીઝન નબળી અને ખર્ચ કરતાં ઓછું ઉત્પાદન મળતું હોવાથી 70 ટકા બોટો બંદર ઉપર જથ્થો થઇને પડી છે.

ગીર સોમનાથ જીલ્લા વેરાવળ બોટ એસોસિએશન સાગરપુત્ર ફાઉન્ડેશનના પ્રમુખ તુલસી ગોહેલે જણાવ્યું છે કે, રશિયા- યુક્રેન યુધ્ધની અસર માછલીની નિકાસ પડી છે. ચીનમાં નિકાસના ભાવ અડધા થઇ ગયા છે.

## (બાઇટ- તુલસી ગોહેલ)

અમારા ગીર સોમનાથના પ્રતિનિધી રાજેશ ભજગોતર જણાવે છે કે, મંદીના કારણે માછીમારોની આજીવિકા પર અસર પડી છે. આર્થિક સંકળામણની અસર બાળકોના અભ્યાસ પર પડે છે.

# WEATHER UPDATE

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ માટે રાજ્યમાં હીટવેવનું એલર્ટ આપ્યું છે.

આજે તાપમાન 43 ડિગ્રીથી 45 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની શક્યતા હોવાથી હવામાન વિભાગે અમદાવાદમાં ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આવતીકાલથી 23 મે વચ્ચે મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્શિયસની આસપાસ રહેવાની શક્યતા છે.

આજે 45.5 ડિગ્રી મહત્તમ તાપમાન સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયું છે. જ્યારે સૌથી ઓછું વેરાવળ, દિવ અને દ્વારકામાં 34 ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, ભૂજ, ડીસામાં 44 ડિગ્રી તાપમાન નોંધાયું છે જ્યારે અમરેલીમાં 43, વડોદરામાં 42, તો મહુવા અને કેશોદમાં 41ડિગ્રી, નલિયામાં 39 અને કંડલા પોર્ટ પર 37 ડિગ્રી તાપમાન નોંધાયું છે જ્યારે ભાવનગરમાં 41.8 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

જેને ધ્યાનમાં રાખી અમદાવાદ શહેરમાં મહાનગરપાલિકાએ શહેરીજનોને બહાર જતી વખતે પાણીની બોટલ સાથે રાખવી, પુષ્કળ પ્રમાણમાં લીંબુનું શરબત, છાશ, નાળિયેર પાણી, અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવું, તાજા ફળ-શાકભાજી ખાવા, તીખું ખાવાનું ટાળવું, તેમ જ આહારમાં વધુ પ્રમાણમાં પ્રોટીન અને વાસી ખોરાક લેવાનું ટાળવું, બહાર જતી વખતે છત્રી, ટોપી, સ્કાર્ફ સાથે

રાખવા, લાંબો સમય તડકાંમાં ન રહેવા સહિતની સાવચેતી રાખવા અપીલ કરી છે.

અમદાવાદ શહેરના 194 હેલ્થ સેન્ટર ઉપર ઓઆરએસ કોર્નર તૈયાર કરવામાં આવ્યા છે. તમામ બીઆરટીએસ સ્ટેશન ઉપર જરૂરિયાતવાળા મુસાફરોને ઓઆરએસના પેકેટ વિનામૂલ્યે આપવામાં આવી રહ્યા છે. ટ્રાફિક વિભાગ દ્વારા પણ બપોરના સમયે મોટાભાગના સિગ્નલ બંધ રાખવામાં આવ્યા છે.

## International Museum Day

સમગ્ર વિશ્વમાં 18મે આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. રાજકોટમાં આવેલા વોટ્સન સંગ્રહાલયમાં આજથી 20મી મે સુધી આ દિવસની ઉજવણી કરાશે, જેના ભાગરૂપે શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત, વોટ્સન સંગ્રહાલય ખાતે આજે સવારે નવ વાગ્યે લાઇવ પોર્ટ્રેટ કલ્બના કલાકારો દ્વારા લાઇવ સ્કેચના રસપ્રદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તૈયાર થયેલા સ્કેચ અને કલાકારોના અન્ય સ્કેચ, ચિત્રોનું પ્રદર્શન આજથી 20મી મે સુધી યોજાશે. આ ઉપરાંત આ ત્રણ દિવસોમાં મ્યુઝિયમની મુલાકાતે આવનારા મુલાકાતીઓને સાંજે ચાર વાગ્યે સંગ્રહાલયની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બતાવવામાં આવશે.

છોટા ઉદેપુરના તેજગઢમાં આવેલા આદિવાસી એકેડમીમાં વાચા સંગ્રહાલયમાં આજે વ્યાખ્યાનનું આયોજન કરાયું..

મોરબીના યુવા એડવોકેટ મિતેશ દવેએ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ નિમિત્તે 285 દેશોની ચાર હજાર 200 જેટલી ટપાલટિકીટોનું સંગ્રહાલય પોતાના ઘરે બનાવ્યું છે. તેમણે પોતાના નિવાસસ્થાને બનાવેલા સંગ્રહાલયમાં

192 સંયુક્ત રાષ્ટ્રના સભ્યદેશો અને અન્ય 93 દેશો મળીને કુલ 285 દેશોની ચલણી નાણાનો સંગ્રહ કર્યો છે, જેનું પ્રદર્શન આજે યોજ્યું હતું.

તો કચ્છ સંગ્રહાલયના સ્થાનિક અનુભવી ગાઇડ્સ દ્વારા હમીરસરના આસપાસના સ્થળોએ હેરિટેજ વોકનું આયોજન કરાયું..

# SUMMER CAMP

ઉનાળુ વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ રમતગમત ક્ષેત્રે અદ્યતન કૌશલ્યની સાથે જ્ઞાન મેળવી શકે તે હેતુથી ઠેર ઠેર સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં 17મેથી 31મે સુધી સમર સ્પોર્ટસ કોચિંગ કેમ્પનું આયોજન કરાયું છે. સવારે સાડા સાત વાગ્યાથી સાડા નવ વાગ્યા સુધી આ કેમ્પમાં યુવાનોને ફૂટબોલ, બોક્સિંગ, બીચ વોલીબોલ જેવી વિવિધ રમતોની પધ્ધતિસર તાલીમ આપવામાં આવે છે.

તો ગાંધીનગર સ્થિત સેક્ટર 28ના સરકારી જીમખાનામાં સ્વિમીંગ સહિતની વિવિધ પ્રવૃત્તિઓ શીખવાડવામાં આવી રહી છે, જેમાં સ્વીમિંગને લઇને બાળકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે..

# VALSAD- CRICKET

વલસાડ જીલ્લાના અતુલ ખાતે 19મા ઉલ્હાસ કપ ઇન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટમાં સ્ટેલીયન સી.સી. વલસાડની ટીમ વિજેતા બનતા તેમને રોકડ પુરસ્કાર અને ટ્રોફી એનાયત કરાયા, આ અંગે માહિતી આપતાં ઉલ્હાસ જીમખાનાના જનરલ સેક્રેટરી જે.ડી. પટેલે જણાવ્યું હતું કે, 3 ફેબ્રુઆરીથી આઠમી મે સુધી ચાલેલી આ ટુર્નામેન્ટમાં અમદાવાદથી મુંબઇ સુધીની નામાંકિત કંપનીઓ તથા કલ્બોની 30 ટીમોએ ભાગ લીધો હતો..

ઉલ્લેખનીય છે કે, ફાઇનલ મેચ સ્ટેલીયન સી.સી. વલસાડ અને હેત હોસ્પિટલ વચ્ચે રમાઇ હતી જેમાં સ્ટેલિયન સી.સી. વલસાડની ટીમ વિજેતા બની હતી.

## SURENDRANAGAR- MEDICAL CAMP

લોકસભાની ચૂંટણીમાં ફરજ બજાવનાર કર્મચારીઓ માટે સુરેન્દ્રનગર જીલ્લા વહીવટીતંત્ર દ્વારા મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેમાં 250થી વધુ કર્મચારીઓને રેન્ડમ બ્લડ સુગર, કીડની ટેસ્ટ અને ઇસીજી જેવા વિવિધ જરૂરી ટેસ્ટ કરી આપવામાં આવ્યા અને જે તે કર્મચારીઓને જરૂર જણાયે મેડીકલ કાઉન્સેલિંગની સાથે દવાઓ પણ સૂચવવામાં આવી..